PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/કવા–૦૪/૧૭–૧૮/ 3948/8 તા. 11-5-18

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**સાહેબ કોલ કોર્પોરેશન,**
**૮–અ નેશનલ હાઈવે,**
**ટીમ્ડીયા પાટીયા ની સામે,**
**એફીલ વીટ્રીફાઈડ ની બાજુમા**
**મોરબી–૨**
**મો: ૯૮૨૫૮ ૨૭૪૦૦**

**વિષય :–ઈલેક્ટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૭/કવા–૦૪/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,મોરબી**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૭/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૨–૦૫–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સાહેબ કોલ કોર્પોરેશન, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર વતી તા.૨૩–૦૨–૧૮ અને તા.૧૩–૦૩–૧૮ ના રોજ વી.વી.પટેલ હાજર રહેલ હતા. તેમજ તા.૦૨–૦૫–૧૮ ના રોજ અરજદાર કે તેના વતી કોઈ હાજર રહેલ નથી.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,મોરબી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :એન.ડી.પનારા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, મોરબી)**

---

## : હુકમ :

**ફરીયાદ : ઈલેક્ટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ મોરબી તાલુકાના પીપળી ગામે સાહેબ કોલ કોર્પોરેશન ના નામનુ ગ્રાહક નં. ૩૪૪૫૯/૦૧૫૮૯/૭ એનઆરજીપી – ૩૭ કીવો નુ જોડાણ ધરાવે છે. તેઓએ પોતાનુ જોડાણ કારખાના ના નિયમ મુજબ ચાલુ કરેલ છે. જેથી, તેઓને ૫૨ યુનીટ ઈલેક્ટ્રીસીટી ડયુટી ૧૦% ને બદલે ૨૫% વસુલ કરવામા આવે છે. આમ, ઈલેક્ટ્રીસીટી ડયુટી ૧૦% વસુલ કરવા માટે અને સાથો વધુ વસુલાયેલ રકમ પરત મેળવવા માટે ની – .અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મે. સાહેબ કોલ કોર્પોરેશન ગ્રાહક નં. ૩૪૪૫૯/૦૧૫૮૯/૭ એનઆરજીપી કેટેગરી હેઠળ – ૩૭ કીવો નુ જોડાણ ધરાવે છે. જેમા ઈલેક્ટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરવામા આવે છે.<br>• (૨) અરજદાર ની રજુઆત – ઈલેક્ટ્રીસીટી ડયુટી ૨૫% માથી ઈલેક્ટ્રીસીટી ડયુટી ૧૦% અન્વયે તા.૩૦–૦૪–૧૮ ના રોજ પીજીવીસીએલ કક્ષાએથી સ્થળ રોજકામ **કરાયેલ** – તે મુજબ સદર અરજદાર દ્વારા ઈમ્પોર્ટેડ કોલસા ઉપર કોઈપણ જાતની પ્રક્રીયા કર્યા સીવાય ફકત – અલગ–અલગ સાઈઝ મા ગ્રેડીંગ કરવામા આવે છે. આમ, કોઈપણ પ્રકારનુ ઉત્પાદન થતુ જણાયેલ નથી. જેથી સદર વીજ જોડાણ ઉત્પાદન નો હેતુ ધરાવતુ ન હોય – ઈલેક્ટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરવામા આવે છે, જે નિયમાધીન છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે –જયેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, C/O, મે. સાહેબ કોલ કોર્પોરેશન ગ્રાહક નં. ૩૪૪૫૯/૦૧૫૮૯/૭ એનઆરજીપી કેટેગરી હેઠળ – ૩૭ કીવો નુ જોડાણ ધરાવે છે.<br>• (૨) ગુજરાત સરકાર ના જાહેરનામા ક્રમાંક – તા.૩૦–૦૩–૨૦૧૩ ના – ગુજરાત એકટ નં.–૮/૨૦૧૩ મુજબ – વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી દ્વારા પત્ર ક્રમાંક ૬૧૮૦ તા.૦૯–૦૪–૧૩ ના અનુક્રમાંક (૪) મા જણાવ્યા મુજબ – ઉપર સીવાય ના અન્ય કેટેગરી– કે જેમા વાણીજય નો પણ સમાવેશ થઈ જાય છે. તેમા – ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% વસુલાત ની જોગવાઈ છે.<br>• (૩) ઉપરોકત મુદદા નં. (૧) અને (૨) મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુદદા નં.૨.૧ ના પેટા મુદદા નં. (૨) મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ઈમ્પોટેડ કોલસા ઉપર કોઈપણ જાતની પ્રક્રીયા કર્યા સીવાય ફકત – અલગ–અલગ સાઈઝ મા ગ્રેડીગ કરવામા આવે છે. આમ, કોઈપણ પ્રકારનુ ઉત્પાદન થતુ જણાયેલ નથી. જેથી સદર વીજ જોડાણ ઉત્પાદન નો હેતુ ધરાવતુ ન હોય – ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરવામા આવે છે, જે નિયમાધીન છે. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ પેટા મુદદા નં. (૩) મુજબ ની વિગતે – અરજદાર નુ સદર વીજ જોડાણ ઉત્પાદન નો હેતુ ધરાવતુ ન હોય – ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરવામા આવે છે, જે નિયમાધીન યોગ્ય હોવા બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.